# વડોદરા મહાનગરપાલિકા

## ઇમ્પેકટ-૨૦૨૨ જાહેર સુચના બાબત

આથી જાહેર કરવાનું કે ઇમ્પેકટ-૨૦૨૨ અન્વયે ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા અંગેના વટહુકમ તા.૧૭.૧૦.૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૦૧.૧૦.૨૦૨૨ પહેલા થયેલા બિનઅધિકૃત બાંધકામ થઈ ગયેલ હોઇ અને જેનો વપરાશ ચાલુ હોય તેવા બાંધકામો માટે ઇમ્પેકટ-૨૦૨૨ના કાયદાની જોગવાઇ હેઠળ, નિયમિત કરવાની કાર્યવાહી ગુજરાત સરકારશ્રીના **www.enagar.gujarat.gov.in** ના પોર્ટલ પર અરજદારશ્રી ધ્વારા તા.૧૭.૧૦.૨૦૨૨ થી ૪ માસ સુધીમાં ઓનલાઇન નિયત કરેલ ફી ભરી અરજી કરવાની રહેશે. તેમજ કરેલ અરજી ઇમ્પેકટ-૨૦૨૨ના કાયદાને સુસંગત હશે તો વડોદરા મહાનગર પાલિકા ધ્વારા મંજુરી બાદ સરકારશ્રી ધ્વારા નિયમ કરેલ લાગતોની રકમ નિયત સમય-મર્યાદામાં ભર્યેથી, ઓનલાઇન ઇમ્પેકટ સર્ટીફીકેટ આપવામાં આવશે. અન્યથા ઇમ્પેકટ-૨૦૨૨ના કાયદાને સુસંગત ન હોય તો, કરેલ અરજી ના-મંજુર કરવામાં આવશે. જેની સંબધકર્તાઓએ નોંધ લેવી.

**પી.આર.ઓ.નં. ૭૩૭/૨૨-૨૩** **મ્યુનિસિપલ કમિશનર**